# 'મળી માતૃભાષા મને ગુજરાતી' કવયિત્રી સંમેલન

તારીખ : 21/02/2025

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગાર્ગી- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અને ભારતીય શિક્ષણ મંડળ-મહિલા ગતિવિધિના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'મળી માતૃભાષા મને ગુજરાતી' કવયિત્રી સંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અધ્યક્ષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી, ગાર્ગી- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક પ્રો.ડૉ. પ્રિયાંકી વ્યાસ તેમજ આમંત્રિત કવયિત્રીશ્રીઓ ડૉ. ઉષા ઉપાધ્યાય, શ્રી રક્ષા શુકલા, શ્રી ગોપાલી બૂચ, શ્રી પૃથા સોની, ડો. અનુ મેહતા તેમજ ગુજરાત પ્રાંત મહિલા ગતિવિધિના પ્રમુખ શ્રી ગીતા તિવારી હાજર રહ્યા હતા.




ડૉ. ઉષા ઉપાધ્યાયજીએ ગુજરાતી ભાષાનું મહત્વ સમજાવતા ગુજરાતી કવિતાની સુંદર રજૂઆત કરી હતી. શ્રી રક્ષા શુકલાજીએ પિતા અને દીકરી વચ્ચેના પ્રેમાળ સંબધોની હૃદયસ્પર્શી કવિતા પઠન કર્યું હતું. શ્રી ગોપાલી બૂચજીએ ઘૂઘરીના

રણકાર તથા પતિ- પત્ની વચ્ચેના સંબંધોમાં સંવાદના મહત્વની કવિતાનું રસપાન કરાવ્યું હતું. શ્રી પૃથા સોનીજીએ સ્ત્રીની સુંદરતા તથા પ્રેમના મહત્વને દર્શાવતી કવિતાની પ્રસ્તુતિ કરી હતી. ડૉ. અનુ મેહતાજીએ નેલ્સન મંડેલાના કથન 'માતૃભાષા દ્વારા જ કોઈપણ વાત હ્રદય સુધી પહોંચે છે' તે સમજાવતા ઈશ્વર, માતાપિતા, રાષ્ટ્રપ્રેમને વ્યક્ત કરતી તેમજ મનુષ્યજીવનની અનિશ્ચિતતાને વ્યક્ત કરતી કવિતાઓની પ્રસ્તુતિ કરી હતી.






સંમેલનના અધ્યક્ષીય ઉદબોધનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયજી એ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત મહત્તમ લોકો માતૃભાષા તરફ વળે, માતૃભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરે, માતૃભાષામાં હસ્તાક્ષર કરે, વિશ્વના ખૂણે ખૂણે

માતૃભાષાનું જ્ઞાન ફેલાય તેની અનિવાર્યતા તેમજ સાહિત્ય અને માતૃભાષા વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.













પ્રસ્તુત કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી, સર્વે નિયામકશ્રીઓ, બોર્ડ મેમ્બર્સ, ગાર્ગી- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક પ્રો.ડો પ્રિયાંકી વ્યાસ તેમજ તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિયામક, વિદ્યાર્થી વિકાસ, ડૉ. નિશા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. ભાગ્યશ્રી રાજપૂત દ્વારા આભારવિધી કરવામાં આવી હતી









